કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સ: ૨૩૫૦૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits-14th Sep /૨૦૦૯/૩૬૪૦-૫૦ તા. ૦૧ /૧૦/'૦૯

પ્રતિ,
આ સાથે સામેલ યાદી મુજબ

**વિષય :**– તા.૧૪/૦૯/'૦૯નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૪/૦૯/'૦૯નાં રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ
(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj-KACHCHH.

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના:** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## મિનિટ્સ મોકલાવ્યા અન્વયે આઉટ વર્ડ નંબર/તારીખ.

## 3640 to 3657 Dt. 1/10/'09.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | આઉટ વર્ડ નંબર–તારીખ |
|---|---|---|
| 1 | ડૉ. દર્શનાબેન સી.ધોળકિયા,<br>કાર્યકારી કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | 3640 Dt. 1/10/'09 |
| 2 | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | 3641 Dt. 1/10/'09 |
| 3 | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | 3642 Dt. 1/10/'09 |
| 4 | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | 3643 Dt. 1/10/'09 |
| 5 | શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | 3644 Dt. 1/10/'09 |
| 6 | શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા.માંડવી. | 3645 Dt. 1/10/'09 |
| 7 | શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર. | 3646 Dt. 1/10/'09 |
| 8 | શ્રી મહેશભાઈ સી.આહિર,<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | 3647 Dt. 1/10/'09 |
| 9 | ડૉ. બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ,શિક્ષણશાસ્ત્ર ભવન,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | 3648 Dt. 1/10/'09 |
| 10 | ડૉ. તુષારભાઈ આર. હાથી,<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | 3649 Dt. 1/10/'09 |
| 11 | શ્રી અનિલ એચ. ગોર.<br>(રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી) સેક્રેટરી. | 3650 Dt. 1/10/'09 |

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૪/૦૯/'૦૯નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ:

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

આજ રોજ તા.૧૪/૦૯/'૦૯નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર. |
|---|---|
| ડૉ. દર્શનાબેન સી.ધોળકીયા,<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ<br>મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર. | ગેર હાજર |
| શ્રી મહેશભાઈ આહિર,<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| ડૉ. બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ,શિક્ષણશાસ્ત્ર ભવન,<br>કચ્છ યુનિવર્સિટી,ભૂજ. | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી,<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>સેક્રેટરી | હાજર |

### ૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.

૨. શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ માટે સંલગ્ન કોલેજોનાં જોડાણની ભલામણ રાજય સરકારશ્રીને કરવા બાબત ચર્ચા વિચારણા અને બહાલી :

શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ માટે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નવા/ચાલુ જોડાણ સંબંધે શરત પૂર્તતા–બાહેંધરીઓ અન્વયે જોડાણ જાહેરનામા બહાર પાડવા માટે શિક્ષણ વિભાગ,ગુજરાત રાજયને અત્રેથી ભલામણ કરવાની થાય છે. તે બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ માટે સંલગ્ન કોલેજોએ મેળવવા પાત્ર નવા/ચાલુ જોડાણ અન્વયે શિક્ષણ વિભાગ,ગુજરાત રાજયને, જોડાણ જાહેરનામાની ભલામણ કરવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.તથા સદર વિગતે શ્રી પી.એમ.ભટ્ટ તરફથી બાકી રહેલ એલ.આઈ.સી.અહેવાલ સંદર્ભે દિન–૦૨(બે) માં મંગાવી યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા પણ માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ અન્વયે સંલગ્ન કોલેજોનાં ચાલુ જોડાણ બાબત :

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ અન્વયે નવી શરૂ થનાર કોલેજો તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચલતા અભ્યાસક્રમોની જોડાણ અરજી અંતગર્ત નિયત કાર્યવાહી હાથ ધરવા સંબંધે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> યુનિવર્સિટી સંલગ્ન ચાલુ જોડાણ ધરાવતી કોલેજોનાં જોડાણની અરજીના અનુસંધાને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માટેની જોડાણ સંબંધી આગળની કાર્યવાહી જેવી કે સ્થાનિક તપાસ સમિતિ નીમવી તેનાં આધારો,જરૂરી બાહેંધરીઓ મેળવવા તથા નિયત કાર્યવાહી હાથ ધરવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૪. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૭/'૦૯નાં રોજ સભામાં થયેલ ઠરાવ મુજબ પ્રાયોગિક કાર્યવાહી સાથે સંકળાયેલ B.Sc. / M.Sc.ના લેબોરેટરીના પરીક્ષાનાં દિવસો નકકી કરવા બાબત ચર્ચા વિચારણા અને બહાલી :

એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૭/'૦૯નાં રોજની બેઠકમાં થયેલ ઠરાવ અનુસંધાને **B.Sc. / M.Sc.**ની પ્રાયોગિક પરીક્ષાનાં જુદા જુદા દિવસો નકકી કરવા બાબતે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> આથી ઠરાવવામાં આવે છે કે,એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૭/'૦૯ના રોજની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક–૨ અન્વયે પ્રાયોગિક કાર્યવાહી સાથે સંકળાયેલ B.Sc. / M.Sc.ના લેબોરેટરીના પરીક્ષાનાં દિવસો નકકી કરવા અને તે દિવસો અન્વયેનું ચૂકવણું, હાલ ગુજરાત યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમો મુજબ રાખવાનું નકકી કરવામાં આવે છે.**



yamji Krishna Verma Kachchh
BHUJ-Kachchh 370001

**૫. એકેડેમિક કાઉન્સિલની તા.૧૩/૩/'૦૯નાં રોજ મળેલ સભામાં એકાઉન્ટસ, સ્ટેટ્સ્ટીકસ તથા ટેક્ષેશન વિષયનાં પેપર સેટીંગના મહેનતાણાં ગુજરાત યુનિવર્સિટીના દરે ચૂકવવા બાબત :**

યુનિવર્સિટી ખાતે એકાઉન્ટસ,સ્ટેટ્સ્ટીકસ તથા ટેક્ષેશન વિષયના પેપર સેટીંગના મહેનતાણાં અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા.૧૩/૩/'૦૯નાં રોજની સભામાં ગુજરાત યુનિવર્સિટીના નિયમો મુજબ મહેનતાણા ચૂકવવા લેવામા આવેલ નિર્ણય સંબંધે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૪ : આથી ઠરાવવામાં આવે છે કે,એકેડેમિક કાઉન્સિલની તા.૧૩/૩/'૦૯ના રોજની સભામાં,ગુજરાત યુનિવર્સિટીનાં નિયમો મુજબ ચૂકવવાનાં થતાં પેપર સેટીંગનાં મહેનતાણાં અન્વયે ગુજરાત યુનિવર્સિટીએ માત્ર એકાઉન્ટસ વિષયનાં પેપર સેટીંગના મહેનતાણામાં કરેલ વધારા સંબંધે માત્ર એકાઉન્ટસ વિષયનાં પેપર સેટીંગ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ની માર્ચ–એપ્રિલ'૦૯માં લેવાયેલ પરીક્ષાથી રૂા. ૩૫૦/–(પેપર દીઠ)નાં દરે મહેનતાણું ચૂકવવાનું રહેશે જ્યારે અન્ય વિષયો– સ્ટેટ્સ્ટીકસ તથા ટેક્ષેશન માટે હાલની સ્થિતિ મુજબ રૂા.૨૦૦/–(પેપર દીઠ) નાં દરે મહેનતાણાં ચૂકવણું યથાવત રાખવામાં આવે છે.**

**૬. યુનિવર્સિટી અનુસ્નાતક ભવન – M.P.A. અને M.Sc.(CA & IT) અન્વયે શૈક્ષણિક સ્ટાફ નીમવા તા.૨૯/૮/'૦૯નાં રોજ યોજાયેલ ઈન્ટરવ્યુમાં પસંદગી સમિતિએ પસંદ કરેલ ઉમેદવારને નિમણૂક આપવા ચર્ચા અને બાબત :**

યુનિવર્સિટીમાં અનુસ્નાતક ભવન M.P.A. તથા M.Sc. (CA & IT) માટે અધ્યાપકશ્રી તથા ડાયરેકટરશ્રીની જગ્યા ભરવા ઓપન ઈન્ટરવ્યુ તા.૨૯/૮/'૦૯નાં રોજ યોજવામાં આવેલ M.Sc.(CA & IT) માટે કોઈ ઉમેદવાર ઈન્ટરવ્યુનાં દિવસે હાજર રહેલ નહી.જ્યારે M.P.A.માટે અધ્યાપકના ઈન્ટરવ્યુ અન્વયે પસંદગી સમિતિએ કાર્યવાહી હાથ ધરેલ જે અન્વયે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫ : આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં સેલ્ફ ફાયનાન્સ અનુસ્નાતક ભવન M.P.A. લેકચરરની જગ્યા માટે તા.૨૯/૮/'૦૯નાં રોજ લેવાયેલ ઓપન ઈન્ટરવ્યુ બાબતે પસંદગી સમિતિની ભલામણ નીચેની વિગતે સ્વીકારવી.**

**એમ.પી.એ. લેકચરર : ૧. શ્રી પંડયા જાગૃતિબેન કે.ને હાલ તુરત એક વર્ષ માટેની નિમણૂક જોડાયા તારીખથી આપવી.**

**૭. પરીક્ષા નિયામકશ્રી યુનિવર્સિટીમાં જોડાયા પહેલાંની સરકારી કોલેજની સેવાને પગાર હેતુ માટે જોડવા બાબતે ચર્ચા અને બહાલી :**

પરીક્ષા નિયામકશ્રી જી.એમ.બુટાણી યુનિવર્સિટીમાં પરીક્ષા નિયામકશ્રી તરીકે જોડાયા તેનાં પહેલાંની તેઓની સરકારી કોલેજમાં લાંબી સેવા સંબંધે બેઝિક પગાર રૂા.૧૧,૩૦૦/– હતો. અહિં યુનિવર્સિટીમાં જોડાતા તેઓશ્રીને પગાર ધોરણ ૧૦,૦૦૦–૧૫,૨૦૦માં ન્યુનતમ પગાર રૂા.૧૦,૦૦૦/–બેઝીક પગારે નિમણૂંક આપવામાં આવેલ. તેમની તા.૭/૯/'૦૯ની અરજી જેમાં તેઓએ તેમની અગાઉની સેવાને પગાર હેતુ માટે

સેવા જોડી આપવા વિનંતી કરેલ છે. જે બાબતે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૬:** પરીક્ષા નિયામકશ્રી જી.એમ.બુટાણી યુનિવર્સિટીમાં જોડાયા તે પહેલાંની તેઓની પૂર્ણ સમયની સરકારી કોલેજની સેવાને પગાર હેતુ માટે જોડવા આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.
વધુમાં તેઓશ્રી ૮૦૦૦–૧૩૫૦૦નાં પગાર ધોરણમાં રૂા.૧૧૩૦૦ બેઝીક પગાર મેળવતા હતા જેના અનુસંધાને તેમને ૧૦૦૦૦–૧૫૨૦૦નાં બેઝીક પગાર ધોરણ માં રૂા ૧૧૩૦૦ અનુસંધાને પગાર ફીક્ષ કરવામાં આવે તેવું ઠરાવવામાં આવે છે.

૮. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

**૧. યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનો ખાતે નિમાયેલ શૈક્ષણિક સ્ટાફ અન્વયે ર્ડા.પી. એસ. હીરાણી રીડર,કોમર્સ એન્ડ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનમાં એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થતો હોય લાબાંગાળા ની નિમણૂક આપવા બાબત :**

યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનો ખાતે નિમાયેલ શૈક્ષણિક સ્ટાફ પૈકી કોમર્સ એન્ડ મનેજમેન્ટ વિભાગમાં 'રીડર'ની જગ્યા પર નિમણૂક પામેલ ર્ડા.પી.એસ.હીરાણીની સેવા અન્વયે એક વર્ષનો અજમાયશી સમયગાળો તા. ૧૦/૦૯/'૦૯નાં રોજ પૂર્ણ થતો હોય,તેમની નિમણૂકને લાંબાગાળાની નિયમિત નિમણૂક ગણવા ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૭ :** યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવન ખાતે નિમાયેલ શૈક્ષણિક કર્મચારી ર્ડા.પી.એસ. હીરાણી. રીડર, ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટની નિમણૂકનો અજમાઈશી સમયગાળો તા.૧૦/૦૯/'૦૯નાં રોજ પૂર્ણ થયેલ હોય, તેઓની નિમણુકને લાબાંગાળાની નિયમિત નિમણૂંક જોડાયા તારીખથી ગણવાનો ઠરાવ કરવામાં આવે છે.

**૨. યુનિવર્સિટીની દિન પ્રતિ દિન વધતી જતી કામગીરી ધ્યાને લઈ "કલાર્ક" ની જગ્યા ભરવા બાબત :**

યુનિવર્સિટીની વધતી જતી કામગીરીને પહોંચી વળવા માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં તથા વહિવટી વિભાગોમાં "કલાર્ક"ની જરૂરીયાત ઉભી થયેલ છે. જે અન્વયે ફીકસ પગાર રૂા ૨૫૦૦/–થી સદર જગ્યા ભરવા માટે ર્કાવાહી હાથ ધરવા અંગે ચર્ચા વિચારણાનાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૮ :** યુનિવર્સિટીનાં વધતી જતી કામગરીને પહોંચી વળવા માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં તથા વહિવટી વિભાગોમાં "કલાર્ક"ની જગ્યા પર માસિક ફીકસ પગાર રૂા.૨૫૦૦/–નાં તદન હંગામી ધોરણેથી નિમણૂક આપવા સંબંધી કાર્યવાહી હાથ ધરવા અંગેની સત્તા માનનીય કાર્યકારી કુલપતિશ્રીને આપવામાં આવે છે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...



(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj - KACHCHH.